ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૭.૪ ડીગ્રી
લઘુતમ : ૨૮.૪ ડીગ્રી
ભેજ
સવારે ૮૦ ટકા ● સાંજે ૫૦ ટકા

# નવા ગાંધીનગરમાં ૪૦ ટકા ભાડાની દુકાનો બંધ થઈ

## શહેરના વિકસી રહેલ વિસ્તારોમાં મહામારીની સીધી અસર : ભાડાની દુકાનોમાં ધંધો ચલાવતા મધ્યમ વર્ગીય વેપારીઓને ભારે નુકશાન થતાં દુકાનો બંધ કરી નવા ધંધાની શોધમાં વ્યસ્ત

ગાંધીનગર, તા.૨૨

કોરોનાને પગલે લાગુ પાડવામાં આવેલ લોકડાઉનને કારણે નગરના ધંધા રોજગાર પર ભારે અસર વર્તાઈ છે. શહેરના વિકસતા વિસ્તારમાં ભાડા પર ધંધો કરનાર એ ધંધો બંધ કરી ઘરે ચાલી ગયા છે. સરગાસણ, કુડાસણ, રીલાયન્સ ક્રોસ રોડ વિસ્તારની લગભગ ૪૦ ટકા દુકાનો હાલ ભાડા ચઢતા હોવાથી બંધ થઈ ગઈ છે. વેપારીઓના જણાવ્યા અનુસાર મોટા ભાગના દુકાનદારો એ તેમના ભાડા માફ નથી કરતા અને લોકડાઉન ખાતે કમાણી ન થતા અને હજી પણ ઘરાક દુકાને આવશે તેવી કોઈ શકયતા લાગતી ન હોવાથી નુકશાન ભોગવવાની જગ્યાએ અમો ડિપોઝીટ રૂપે આપેલા ભાડા ભૂલી ગયા છીએ અને દુકાન ખાલી કરીને પોતાના ઘરે પાછા જતા રહ્યા છીએ.

આ બાબતે ધંધો શરૂ રાખાાર આઈ. કેમેસ્ટ્રીના માલિક રાજેન્દ્રસિંહ સોલંકી જણાવે છે કે અમને ભાડુ તો પોસાય તેમ નથી જ પણ અમારા દુકાનના માલિકે



રાજેન્દ્રસિંહ સોલંકી

અમારું એક મહિનાનું પચાસ ટકા ભાડુ માફ કર્યું અને બીજા પૈસા ટુકડે ટુકડે આપવાનું સૂચવ્યું એટલે થોડી રાહત છે. પરંતુ ધંધાની વાત કરું તો રોજનો ૧૫ ટકા જેટલો ધંધો માંડ થાય છે. કારણ કે આઈસક્રીમ અને શેક પીવા નગરજનો સાંજના સમય બાદ જ આવે અને કરફયુના કારણે સાંજે ૭ વાગ્યા બાદ તે શકય નથી. હાલ તો









ઈલેકટ્રીસીટી બીલ, છોકરાઓને પગાર અને ભાડું બધું જ અમારે ઘરનું જ જાય છે તેમ કહી શકાય.

કોરોના અફેકટ બાદ પોતાની દુકાન અને ધંધાને હાલ બંધ કરી ઘરે પરત ફરેલા વેપારી જયદેવ ઠાકર જણાવે છે કે કોવિડ-૧૯ પછી માણસોને અહીં રહેવાની અને ખાવાપીવાની તકલીફ રહેતી હતી. જેથી માણસો ઘરે જતા રહ્યા અને હવે તેઓ સામેથી જ કહે છે કે દિવાળી સુધી તેઓ પાછા આવશે નહિ. અને ઉપરથી દુકાનના માલિક ભાડું માફ કરવું તો ઠીક ભાડું ઓછું કરવાની વાત પણ માની નથી રહ્યા અને મને લાગ્યું જ કે આવનાર છ મહિનામાં પણ ભાડું કાઢવું કે કેમ એનીય તકલીફ પડશે. આથી મેં ધંધો બંધ કરવાનો જ નિર્ણય લઈ લીધો.

પાન અને દૂધનું પાર્લર ચલાવતા દેવાંગભાઈ પટેલ જણાવે છે કે લોકડાઉનમાં મોટા ભાગના ગામડે જતા રહ્યા જેના લીધે દૂધનું વેચાણ ઘટયું છે સાથે ગુટકા, સોપારી કે બીજી કોઈ પણ વસ્તુ નગરજનો જથ્થાબધ દુકાનમાંથી લઈ જઈ હવે ઘરે બેસીને જ ખાય છે એટલે દુકાન ખોલવી કે નહિ તે જ મોટો પ્રશ્ન છે.

મોબાઈલ રીપેરીંગના દુકાનદાર ઉત્કર્ષ શાહના કહ્યા મુજબ તેમની આજુબાજુની લગભગ ૨૫ ટકા દુકાનો બંધ



જયદેવ ઠાકર

થઈ ગઈ છે કારણ કે કામદારો ઘરે જતા રહ્યા છે અને દુકાનના માલિકો ભાડામાં કાંઈ સમજતા નથી. ખાણી પીણીનો ધંધો તો રાત્રે જ ચાલે તેમ છે તેમને તો દુકાન ખોલવી પોસાય તેમ જ નથી.

આમ, કોરોનાના કારણે લાગુ કરાયેલ લોકડાઉનની અસર હવે વર્તાઈ રહી છે શહેરના નવા વિસ્તારના વેપારીઓને વેપાર કરવામાં તકલીફ પડી રહી છે સામે કોરોનાના કેસ વધતા જ રહેવાને કારણે આગળ શું થશે તે કોઈને ખબર નથી. નવા વિસ્તાર કુડાસણ અને સરગાસણની લગભગ ૪૦ ટકા દુકાનો બંધ થઈ ગઈ છે જેમાં સૌથી વધુ દુકાનો ખાણી પીણીની છે અને બે થી ત્રણ મોટી રેસ્ટોરન્ટ સાથે નામચીન ખાણીપીણીના સ્થળો પર પણ હવે તાળા વાગી ગયા છે. અમુકે દુકાન બંધ કરી છે. અમુકે દુકાનના બોર્ડ હટાવી લીધા છે. પરંતુ સામાન અંદર રાખ્યા છે કે જો દુકાનના માલિક સાથે વાટાઘાટો થાય અને ભાડામાં રાહત મળે તો ધંધો આગળના દિવસોમાં ચાલુ જ રાખે પરંતુ હવે જોવું રહ્યું કે દુકાન માલિકો ધંધો કરવા ઈચ્છનાર ભાડુઆત વેપારીઓ વચ્ચે કેવી રીતે ડીલ થાય છે...!!



સંસ્કૃતિ મહિલા પરિવારની બહેનો દ્વારા વિશ્વ યોગ દિવસે ઓનલાઈન યોગ કરવામાં આવ્યા હતા. જેમાં સંસ્થાના પ્રમુખ પ્રતિમાબેન દ્વારા યોગ વિશે માહિતી આપી અને બહેનોને નિયમિત યોગ કરવાનો સંકલ્પ લેવડાવ્યો હતો.

# ઉવારસદની ગીરો મુકેલી જમીન પચાવી પાડવા ખેડૂતને મોતની ધમકી

## જમીન મુદ્દે ખેડૂતે ઝેરી દવા પી લેતા સારવાર હેઠળ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર નજીક આવેલા ઉવારસદ ગામના ખેડૂતે ત્રણ વર્ષ માટે જમીન ગીરોખત કરીને રૂ. ૯ લાખ લીધા હતા. ખેડૂત રૂપીયા પરત આપવા જતા બંને શખ્સોએ રૂપીયા લેવાની ના પાડીને જમીન નામે કરી દેવા જાનથી મારી નાંખવાની ધમકી આપતા ખેડૂતે ઝેરી દવા પી લેતા ખાનગી દવાખાનામાં સારવાર માટે લઈ જવાયા છે. બનાવ અંગે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

મળતી વિગત મુજબ ઉવારસદમાં ગીરો મુકેલી અંદાજીત સાડાત્રણ વીઘા જમીન ખેડૂત પાસેથી પડાવી લેવા માટે મોતની ધમકીઓ મળી રહી હતી. જેથી ખેડૂતે આપઘાતનો પ્રયાસ કરતા ચારેબાજુ હાહાકાર મચી ગયો હતો. ઉવારસદમાં નવીન ખડકીમાં રહેતા અમિત પટેલે નોંધાવેલી ફરીયાદ મુજબ અઢી વર્ષ પહેલા તેમણે પોતાની અંદાજીત સાડા ત્રણ વીઘા જેટલી જમીન કોલવડાના સંદીપ મનુભાઈ પટેલ અને વાડજના મગનભાઈ ભરવાડને ગીરોખત કરી આપી હતી. જેને પગલે ફરીયાદીએ તેમની પાસેથી રૂ. ૯ લાખ લીધા હતા. જેમાં સંદિપભાઈ પાસેથી રૂ.૫ લાખ અને મગનભાઈ પાસેથી રૂ. ૪ લાખ લીધા હતા. થોડાક સમય પહેલા આ બંન્ને શખ્સોને ખેડૂત મળ્યા હતા. ત્યારે ફરીયાદીએ પૈસા પરત કરી બીજા વધારાના પૈસા આપવાનું કહ્યું હતું. જો કે બંન્ને શખ્સોએ પૈસા પરત લેવાની ના પાડીને ગીરો મુકેલી જમીન નામે કરી આપવા કહ્યું હતું. ફરિયાદીના દાવા પ્રમાણે બંને શખ્સોએ જમીન નામે કરી દેવા માટે જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. ત્યારબાદ બંન્ને શખ્સો ગામ અને સમાજમાં જમીન અને પૈસા અંગેની વાતો ફેલાવતા ફરીયાદીને લાગી આવતા ઉધઈ મારવાની દવા ગટગટાવી લીધી હતી. ખેડૂતને તાત્કાલીક ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાતા ખેડૂતનો જીવ જોખમમાં મુકાયો ન હતો. આ અંગે ખેડૂતે બંન્ને શખ્સો સામે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# એનએસયુઆઈ દ્વારા જીટીયુની તમામ પરીક્ષા રદ કરવા કુલપતિને આવેદન પત્ર

ગાંધીનગર, તા.૨૨

બીજી જુલાઈથી શરુ થતી જીટીયુની તમામ પરીક્ષા રદ કરવા માટે ગાંધીનગર જિલ્લા એનએસયુઆઈ દ્વારા જીટીયુના કુલપતિને રજુઆત કરવામાં આવી હતી. તેમ છતા પરીક્ષા અંગે જીટીયુ તરફથી કોઈ બાંહેધરી



ન મળતા એનએસયુઆઈના કાર્યકરોએ કુલપતિની ઓફિસમાં જ ધરણા યોજીને રામધુન બોલાવી હતી. એનએસયુઆઈના અમિત પારેખ દ્વારા જીટીયુના વીસીને તમામ રજુઆત લેખિત આપવા માટે જણાવાયુ હતું. ત્યારબાદ જીટીયુએ એનએસયુઆઈને લેખિત બાંહેધરી આપતા જણાવ્યું હતું કે ૨૪ કલાકમાં એકેડમિક કાઉન્સિલની બેઠક બોલાવી પરીક્ષા રદ કરવા માટેનો નિર્ણય લેવામાં આવશે. લેખિત બાંહેધરી મળતા સમગ્ર મામલો શાંત પડ્યો હતો. પરંતુ જો ૨૪ કલાકમાં વિદ્યાર્થીઓના હિતમાં નિર્ણય નહી લેવામાં આવે તો આગામી સમયમાં જીટીયુ ખાતે એનએસયુઆઈ દ્વારા ગાંધી ચિંધ્યામાર્ગે આંદોલન ઉગ્ર બનાવવામાં આવશે તેવી ચિમકી એનએસયુઆઈ જિલ્લા પ્રમુખ અમિત પારેખે ઉચ્ચારી હતી.

# આજથી જુના સામયિકોના અંકનું વિતરણ કરાશે

ગાંધીનગર, તા.૨૨

રાજય મધ્યસ્થ ગ્રંથાલય દ્વારા તેના સામાયિકોના જુના અંકોના વેચાણનું આયોજન કરવામાં આવ્યું છે. તે મુજબ જેને આ જુના સામાયિકોના અંક ખરીદવા હોય તેમણે આવતીકાલ ૨૩ જુનથી રાજય મધ્યસ્થ ગ્રંથાલય, જુની વિધાનસભાનું મકાન, ટાઉનહોલ પાસે, સે-૧૭ ખાતે સવારના ૧૧ થી સાંજના ૫ વાગ્યા સુધીમાં ગમે ત્યારે આવીને ખરીદી શકે છે તેમ લાયબ્રેરીના ગ્રંથપાલ નરેશ પંડયા દ્વારા જણાવાયું છે.



સેકટર-૨ ૩ની સૌરભ સોસાયટીમાં રવિવારે સૌ રહીશોએ ભેગા મળીને વૃક્ષારોપણનો કાર્યક્રમ રાખ્યો હતો. વિશ્વ યોગ દિવસ અને ફાધર્સ ડે ની ઉજવણીમાં તેઓએ પર્યાવરણ શુધ્ધ રહે તેના માટે ૫૦થી વધુ વૃક્ષો વાવી સોસાયટીના સર્વે સભ્યો વૃક્ષોને દત્તક લઈ જાળવણી કરવા કટિબદ્ધ થયા હતા અને સૌએ સાથે મળીને વૃક્ષ, વેલા અને છોડ રોપી પ્રકૃતિના સ્વાસ્થ્યમાં સુધારો કરીએ તેવા શપથ લીધા હતા. નટુભાઈ પટેલ, વિજયભાઈ પંડિત, ડોક્ટર હરજીવનભાઈ પટેલ, પ્રભાત સિંહ વાઘેલા, દશરથભાઈ પટેલ, સતાયુભાઈ અધવર્યુ, ધર્મેન્દ્રભાઈ બ્રહ્મભટ્ટ, યોગેશભાઈ પટેલ, અશોકભાઈ પટેલ, સુરેશભાઈ પટેલ વગેરે આ કાર્ય દરમિયાન યોગ્ય અંતર (ડિસ્ટન્સ), માસ્ક અને સેનેટાઈઝરનો ઉપયોગ કરી સ્વાસ્થ્ય પ્રત્યે પણ જાગૃત રહ્યા હતા.

# કરાઈ પાસે આઈશર-બાઈક વચ્ચે અકસ્માતમાં એકનુ મૃત્યુ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર કરાઈ કેનાલ પાસે બપોરના સુમારે આઈસર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક પર સવાર માર્ગ પર નીચે પટકાયા હતા. જેમાં મહિલાને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ અને ત્યાંથી વધુ સારવાર અર્થે અમદાવાદ રીફર કરવામાં આવ્યા હતા. જયાં સારવાર બાદ તેમનું મૃત્યું નિપજયુ હતું. બનાવ અંગે બાઈક ચાલકની ફરીયાદ નોંધી પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ ગાંધીનગર નજીક કરાઈ કેનાલ માર્ગ પર આઈસર ટ્રકની ટક્કરે બાઈક પરે બેસીને જઈ રહેલા મહિલાનું મૃત્યુ થયુ છે. નરોડા રેલ્વે ક્રોસીંગ પાસે રહેતા પ્રેમિલાબેન જયંતિભાઈ પરમાર પોતાના દિકરા પ્રભુ અને તેના મિત્ર કલ્પેશ સાથે બાઈક પર બેસીને ગાંધીનગર ગોગા મહારાજના મંદિરે દર્શન કરવા માટે આવી રહ્યા હતા.ત્યારે રણાસણ રીંગરોડ પર બપોરના એક વાગ્યાના અરસામાં કરાઈ પાસે પહોંચ્યા હતા. બાઈક કલ્પેશ ચલાવી રહ્યો હતો, જયારે પ્રભુ અને તેની માતા પાછળ બેઠા હતા. કરાઈ કેનાલ માર્ગ પર સામેથી રોકેટ ગતિએ આવી રહેલી આઈસર ટ્રક અડી ન જાય તે માટે કલ્પેશ બાઈક ડાબી બાજુ લીધુ હતુ. જો કે તેમ છતા બાઈકના પાછળના ભાગે આઈસરની ટકકર વાગી જતા ત્રણેય જણા માર્ગ પર પટકાયા હતા. જેમાં બંને યુવકોને નાની મોટી ઈજા પહોંચી હતી. જયારે મહિલાને ગંભીર ઈજાઓ પહોંચતા ગાંધીનગર અને ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ લઈ જવાયા હતા. જયા સારવાર દરમિયાન મહિલાનું કરુણ મૃત્યું નિપજયુ હતું. બનાવ અંગે કલ્પેશ સોલંકીએ આઈશર ટ્રક ચાલક સામે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.



ગરમી અને બફારાથી માત્ર માણસો જ નહી પરંતુ પશુ પંખીઓ પણ ત્રાહી ત્રાહી થઈ ગયા છે. દિવસ દરમિયાન ખુલ્લામાં ફરતા રહેતા પશુઓ ઠંડક મેળવવા માટે પાણીના ખાબોચિયા શોધી લે છે. જયાં પાણીના ખાબોચિયા ભરાયા હોય કે સાર્વજનિક નળ હોય ત્યાં પશુઓ અડ્ડો જમાવીને બેસી જાય અને ઠંડક મેળવવા પ્રયત્ન કરતા નજરે ચઢે છે.

# સરઢવ જનતાનગર પાસેથી ચાર જુગારીઓ ઝડપાયા

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર જિલ્લાના સરઢવ જનતા નગર ખાતે ખુલ્લી જગ્યામાં જુગાર રમતા ચાર જુગારીઓ ચિલોડા પોલીસના હાથે ઝડપાયા છે. પોલીસે અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૧૩ હજારનો મુદ્દામાલ કબ્જે લઈ પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગત મુજબ પેથાપુર પોલીસના જવાનો પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલીંગ કરી રહ્યા હતા તે સમયે સરઢવ ગામે જનતા નગર પાસે ખુલ્લી જગ્યામાં ઝાડ નીચે કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે. જેથી પોલીસે સ્થળ પર જઈ તપાસ કરતા જુગાર રમી રહેલા સરઢવ ગામના દંતાણી દિનેશ ભીખાભાઈ, ઉવારસદ ગામનો રાવળ સુરેશ કનુભાઈ, પટેલ કલ્પેશ કુમાર ગોકળદાસ અને વાઘેલા માણેકલાલ શીવાભાઈ ને ઝડપી પાડ્યા હતા. પોલીસને દાવ પરથી રૂ. ૭૨૦ અને અંગજડતી દરમિયાન રૂ.૧૨૨૮૦ મળી કુલ રૂ.૧૩ હજારનો મુદ્દામાલ કબ્જે કરી જુગારધારા હેઠળ અટકાયત કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# અખિલ આંજણા સેવા મંડળ સંચાલિત માણસા શાળાની ફીમાં ૪૦ ટકા માફી

## સરકારનાં નિયત ધોરણ કરતાં ઓછી ફી હોવાં છતાં ૪૦ ટકા માફીથી કુલ વાલીઓને ૭૫ લાખની રાહત મળશે : હરિભાઈ ચૌધરી

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર નજીક આવેલા માણસામાં શ્રેષ્ઠ શિક્ષણ આપતી અખિલ આંજણા સેવા મંડળ સંચાલિત ચૌધરી સ્કૂલમાં કોરોના મહામારીના કારણે વિદ્યાર્થીઓ અને વાલીઓને આર્થિક રીતે મદદરૂપ થવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જેમાં આ વર્ષે શાળાની ફી સરકારનાં નિયત ધોરણ કરતાં ઓછી હોવાં છતાં ૪૦ ટકા માફી સાથે કુલ રૂપિયા ૭૫ લાખની રાહત આપવાનો ઉદાહરણરૂપ નિર્ણય કરવામાં છે.

અખિલ આંજણા સેવા મંડળના પ્રમુખ હરિભાઈ ચૌધરીએ જણાવ્યું છે કે, ગાંધીનગર જિલ્લાનાં માણસામાં આ મંડળ સંચાલિત શાળામાં ઉત્તમ કેળવણી આપવામાં આવે છે. આ શાળામાં માણસા અને આજુબાજુનાં વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં આવે છે. જેમાં કન્યા કેળવણીને ઉત્તેજન સાથે રાજય સરકારનાં નિયત ધોરણ કરતાં પણ ઓછી ફી લેવામાં આવે છે. આમછતાં કોરોના મહામારીનાં કારણે વિદ્યાર્થીઓ અને વાલીઓને આર્થિક રીતે મદદરૂપ થવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

હરિભાઈ ચૌધરીએ કહ્યું છે કે, અત્યારના સંજોગોમાં આ શાળામાં ૪૦ ટકા જેટલી ફી ઓછી લેવાનો નિર્ણય કર્યો છે. જેનાં પરિણામે વાલીઓને સમગ્ર વર્ષ દરમિયાન અંદાજે રૂપિયા ૭૫ લાખ જેટલી આર્થિક રાહત મળશે. ગાંધીનગર અને અમદાવાદ વિસ્તારમાં ઘણી ખાનગી શાળાઓ ફી માટે બળજબરી કરી લૂંટ ચલાવી રહ્યા છે. ત્યારે અખિલ આંજણા સેવા મંડળ દ્વારા આ પ્રેરણાદાયક નિર્ણય લેવામાં આવ્યો છે. જેને સમગ્ર જિલ્લાનાં શિક્ષણપ્રેમીઓ તેમજ વાલીજગતે આવકાર આપ્યો છે.

# સે-૧૯ સ્પે. ચિલ્ડ્રન્સ હોમના બાળકોના વિશેષ યોગ પ્રાણાયામ



ગાંધીનગર, તા.૨૨

શહેરમાં વિશ્વ યોગ દિવસની ઉજવણી ભારે ઉત્સાહપૂર્વક કરવામાં આવી હતી અને કોરોના કોવિડ-૧૯ મહામારીના પગલે 'યોગ એટ હોમ, યોગ વીથ ફેમિલી' થીમ આધારિત ઉજવણી કરવામાં આવી હતી. જો કે જે બાળકો તેમના માતા-પિતાથી દૂર છે અથવા તેમના માતા પિતા હયાત નથી તેમજ તે બાળકો કમનસીબે એચઆઈવી ગ્રસ્ત છે તેવા સેકટર-૧૯ના સ્પેશિયલ ચિલ્ડ્રન્સ હોમના બાળકોએ પણ બગીચામાં સોશ્યલ ડિસ્ટન્સ તથા માસ્ક સહિતની સાવચેતીઓ સાથે વિશ્વ યોગ દિવસની ઉજવણી કરી હતી.

ગાંધીનગરના સેકટર-૧૯ ખાતે સ્પેશિયલ ચિલ્ડ્રન્સ હોમ સંસ્થા જેનું સંચાલન હવે જે.ડી. પટેલ પ્રગતિ ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવે છે તેના ટ્રસ્ટી તેમજ પ્રિન્સિપાલ ચિરાગ ઉપાધ્યાય અને ટ્રસ્ટી રાજેશ ભટ્ટ દ્વારા વહેલી સવારે બાળકોને સંસ્થાની નજીકમાં આવેલા ગાર્ડનમાં વિશ્વ યોગ દિવસની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. સુંદર સવારની મહેંક સાથે લીલાછમ ઘાસમાં બાળકોને સાવચેતીના તમામ ધારા ધોરણના પાલન કરાવતા યોગ પ્રાણાયામની તાલીમ આપવામાં આવી હતી જેમાં બાળકોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક જોડાઈ યોગ પ્રાણાયામ કર્યા હતા.

# સેક્ટર-૬ માં સરકારી આવાસ વિસ્તારમાં અવારનવાર ગટર ઉભરાય છે

ગાંધીનગર, તા. ૨૨

સેક્ટર-૬ માં આવેલ 'જ' ટાઈપના સરકારી આવાસ વિસ્તારમાં અવારનવાર ગટર ઉભરાય છે. આ સમસ્યા અંગે વારંવાર ડ્રેનેજ ઈન્કવાયરીમાં રજૂઆત કરવામાં આવી છે પરંતુ આ સમસ્યાનો કોઈ ઉકેલ આવતો નથી. ગટર ઉભરાવવાથી અહીં રોગચાળો ફેલાવવાનો ભય ઉભો થયો છે.

સેક્ટર-૬ ના 'જ' ટાઈપ સરકારી આવાસના રહીશોએ રજૂઆત કરી છે કે બ્લોક નં. ૫૩ થી બ્લોક નં. ૭૨ ની વચ્ચે વારંવાર ગટર ઉભરાય છે. ગટર ઉભરાવવાથી અહીં વચ્ચે આવેલ કોમન પ્લોટમાં પાણી ભરાય છે. વારંવાર અહીં ગંદા પાણીનુ ખોબોચિયુ ભરાઈ જતાં મચ્છરોનો ઉપદ્રવ ખૂબ વધી ગયો છે. મચ્છરોનો ઉપદ્રવ ફેલાતા અહી વારંવાર મેલેરીયા, ડેન્ગ્યુ, ચિકનગુનિયા જેવો રોગચાળો ફેલાય છે. આ વિસ્તારમાં ઉભરાતી ગટરો બાબતે સેક્ટર-૬ ની સુવિધા કચેરીમાં તથા સેક્ટર-૩ ની ડ્રેનેજ ઈન્કવાયરીમાં વારંવાર ફરિયાદ નોંધાવવામાં આવી છે પરંતુ આ ફરિયાદનો કોઈ ઉકેલ આવતો નથી. ડે. ઈજનેર કલ્પેશભાઈ શાહને પણ વસાહતીઓએ આ સમસ્યા અંગે રજૂઆત કરી છે અને ઉભરાતી ગટરના ફોટા મોકલી આપ્યા છે પરંતુ હજુ સુધી આ ફરિયાદનો ઉકેલ ન આવતા વસાહતીઓ ખૂબ જ ત્રાસી ગયા છે. વસાહતીઓએ ફરિયાદમાં જણાવ્યુ છે કે બ્લોક નં. ૫૩/૧ માં રહેતા શાકભાજીના વેપારી દ્વારા શાકભાજીનો કચરો સીધો જ ગટરમાં વહાવી દેવાતો હોવાથી અહી ગટરો ઉભરાય છે. તાકીદે આ ફરિયાદનો ઉકેલ લાવવા વસાહતીઓએ માંગ કરી છે.

## ચિરવિદાય

- સ્વ. ડૉ. સુનિલ રાયચંદભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૪૧, સેકટર-૩-સી
- સ્વ. કલાજી જેસંગજી ગોહિલ, ઉ.વ. ૫૫, મુ. બિલમણા, તા. દહેગામ